# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત પટના આંતરરાષ્ટ્રીય વિમાનીમથકનાં નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું.

2) પ્રધાનમંત્રીએ પશ્ચિમ બંગાળમાં એક હજાર કરોડ રૂપિયાથી વધુના શહેર ગેસ વિતરણ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો

3) વિદેશ મંત્રાલયે કહ્યું છે કે પાકિસ્તાન સાથેની કોઈ પણ વાતચીત દ્વિપક્ષીય હોવી જોઈએ.

4) અમેરિકાની ફેડરલ કોર્ટે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક વેપાર ટેરિફ પર રોક લગાવી.

5) ત્રીજી જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રામાં અર્ધલશ્કરી દળો તૈનાત કરાશે.

6) IPL માં, પ્રથમ ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે.

.......................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM – BIHAR-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાંજે બિહારમાં જયપ્રકાશ નારાયણ આંતરરાષ્ટ્રીય પટના વિમાનીમથકનાં નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. પટના વિમાનીમથક પર લગભગ 1 હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ નવી ટર્મિનલ બિલ્ડિંગ વિમાનીમથકની વાર્ષિક મુસાફરોની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. પ્રધાનમંત્રીએ બિહતા વિમાનીમથકનાં નવા સિવિલ એન્ક્લેવનો શિલાન્યાસ પણ કર્યો, જે 1 હજાર 410 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ છે. બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન, મુખ્યમંત્રી નીતિશ કુમાર, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુ પણ ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા.

ઉદ્ઘાટન પછી, પ્રધાનમંત્રી પટના વિમાનીમથકથી પટનામાં રોડ શો કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રધાનમંત્રી મોદીએ રોડ-શોમાં લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ અગાઉ, પ્રધાનમંત્રીએ પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર જિલ્લામાં અલીપુરદ્વાર પરેડ ગ્રાઉન્ડ ખાતે શહેર આધારિત ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. ૧૦૧૭ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટથી પશ્ચિમ બંગાળના અલીપુરદુઆર અને કૂચબિહાર જિલ્લાના લોકોને ફાયદો થશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે છેલ્લા એક દાયકામાં પશ્ચિમ બંગાળમાં હજારો કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ શરૂ કર્યા છે.

[બાઈટ - પીએમ મોદી, વિકસીત બંગાળ]

# PM – BIHAR-2

આજે સિક્કિમ @૫૦ કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે સિક્કિમ અને સમગ્ર પૂર્વોત્તર ભારતની પ્રગતિમાં એક ચમકતા પ્રકરણ તરીકે ઉભરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્ર સિક્કિમના વિકાસમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યું છે.

[બાઈટ - પીએમ - સબકા સાથ સબકા વિકાસ]

પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલી સિક્કિમમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો અને ઉદ્ઘાટન કર્યું.

આવતીકાલે, શ્રી મોદી રોહતાસ જિલ્લાના બિક્રમગંજની મુલાકાત લેશે. તેઓ 48 હજાર 520 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને સમર્પિત કરશે.

. . . . . . . . . . . . . . .

# REV. EVE. PREZ - LITERARY CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશમાં ઘણી ભાષાઓ અને બોલીઓ છે જે ભારતીયતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે આ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્કૃતિ મંત્રાલય અને સાહિત્ય અકાદમીનો આભાર વ્યક્ત કર્યો. બે દિવસીય આ સંમેલનમાં કવિ સંમેલન, ભારતના નારીવાદી સાહિત્ય, અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતીય સાહિત્યની નવી દિશાઓ સહિત વિવિધ સત્રો દર્શાવવામાં આવશે. આ સંમેલન દેવી અહિલ્યાબાઈ હોલકરની ગાથા સાથે સમાપ્ત થશે.

. . . . . . . . . . . . . . .

# VP - PROBATIONERS

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે ભાષાઓની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં એક અનોખું સ્થાન ધરાવે છે અને તેની ભાષાઓનું સાહિત્ય જ્ઞાનનો ભંડાર છે. નવી દિલ્હીમાં ભારતીય આંકડાકીય સેવાના પ્રોબેશનરી અધિકારીઓ સાથે વાતચીત કરતા શ્રી ધનખડે કહ્યું કે ભારતની સમાવેશીતા તેની ભાષાઓમાં પ્રતિબિંબિત થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષાને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમણે કહ્યું કે હવે સ્થાનિક ભાષાઓમાં પણ તબીબી અને એન્જિનિયરિંગ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# MEA BRIEFING

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે પાકિસ્તાન સાથેની વાતચીત અંગે ભારતનું વલણ ખૂબ જ સ્પષ્ટ છે અને કોઈપણ વાતચીત દ્વિપક્ષીય હોવી જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આતંકવાદ અને વાતચીત એકસાથે ન થઈ શકે, તેમને કહ્યું કે, પાકિસ્તાને તે આતંકવાદીઓને ભારતને સોંપવા જોઈએ જેમના રેકોર્ડ થોડા વર્ષો પહેલા પાકિસ્તાનને આપવામાં આવ્યા હતા. શ્રી જયસ્વાલે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર પર વાતચીત ત્યારે જ થશે જ્યારે પાકિસ્તાન ગેરકાયદેસર રીતે કબજા હેઠળનું કાશ્મીર ખાલી કરશે અને તેને ભારતને સોંપશે.

સિંધુ જળ સંધિ અંગે, પ્રવક્તાએ કહ્યું કે જ્યાં સુધી પાકિસ્તાન વિશ્વસનીય અને અપરિવર્તનીય રીતે સરહદ પાર આતંકવાદને ટેકો આપવાનું બંધ ન કરે ત્યાં સુધી સંધિ સ્થગિત રહેશે.

(બાઈટ : RANDHIR JAISWAL)

ઈરાનમાં ગુમ થયેલા ત્રણ ભારતીય નાગરિકો અંગેના પ્રશ્નના જવાબમાં, શ્રી જયસ્વાલે કહ્યું કે અમે તેહરાન પહોંચ્યા પછી ગુમ થયેલા આ ભારતીય નાગરિકોને શોધવા અને સુરક્ષિત રીતે પરત લાવવા માટે ઈરાની અધિકારીઓ સાથે સંપર્કમાં છીએ.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# NEW ZEALAND FM VISIT

ન્યુઝીલેન્ડના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ પ્રધાન વિન્સ્ટન પીટર્સ આજે બે દિવસની સત્તાવાર મુલાકાત માટે નવી દિલ્હી પહોંચ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમનું સ્વાગત કરતા એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ મુલાકાત ભારત અને ન્યુઝીલેન્ડ બંને દેશો વચ્ચેના ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવશે. તેમની આ મુલાકાત દરમિયાન, શ્રી પીટર્સ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડા સાથે પણ મુલાકાત કરશે.

. . . . . . . . . . . . . . .

# US COURT-TARIFF

અમેરિકાની ફેડરલ કોર્ટે આજે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક વેપાર ટેરિફ પર રોક લગાવી છે. આંતરરાષ્ટ્રીય વેપાર કોર્ટે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કટોકટીની સત્તાઓનો ઉપયોગ કરીને અનેક દેશોથી થતી આયાત પર જંગી ટેરિફ લાદીને પોતાના અધિકારનો ભંગ કર્યો છે. ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે ચીન, મેક્સિકો અને કેનેડા પર લાદવામાં આવેલા ટેરિફ પર  પણ રોક લગાવી હતી. પરંતુ કાર, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ યથાવત રાખ્યો હતો.

આ દરમિયાન, ટ્રમ્પના વહીવટીતંત્રે કહ્યું છે કે તે કોર્ટના નિર્ણય સામે અપીલ કરશે.

. . . . . . . . . . . . . . . .

# AMARNATH YATRA – SECURITY

કેન્દ્ર સરકાર ત્રીજી જુલાઈથી શરૂ થનારી વાર્ષિક અમરનાથ યાત્રાને ધ્યાનમાં રાખીને યાત્રા માર્ગો અને આસપાસના વિસ્તારોની સુરક્ષા માટે અર્ધલશ્કરી દળો તૈનાત કરાશે. યાત્રાને સરળ અને સલામત બનાવવા માટે જમ્મુ-કાશ્મીરમાં અર્ધલશ્કરી દળોની કુલ ૫૮૧ કંપનીઓ તૈનાત કરવામાં આવશે. ગૃહ મંત્રાલયે જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રને આ વિસ્તારમાં પહેલાથી જ તૈનાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની ૧૫૬ કંપનીઓ તૈનાત કરવા માટે અધિકૃત કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

# UP-SANKALP ABHIYAN

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ઉત્તરપ્રદેશમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, આ અભિયાનનો મુખ્ય ઉદેશ્ય સંશોધનને પ્રયોગશાળાથી જમીન સુધી લઈ જવાનું છે. આનાથી કૃષિ ક્ષેત્રમાં એક નવી ક્રાંતિ આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, સંશોધન કેન્દ્રોમાં થઈ રહેલું કાર્ય જમીન પર સ્પષ્ટપણે દૃશ્યમાન હોવું જોઈએ. તેમણે જણાવ્યું કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં કૃષિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આજથી સમગ્ર દેશમાં આ અભિયાન શરૂ થયું છે.

. . . . . . . . . . . . . . . .

# IPL T20

IPL T20 ક્રિકેટમાં, પ્રથમ ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે અત્યારે બેંગ્લુરૂનાં મલ્લનપુર ખાતે મુકાબલો ચાલી રહ્યો છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરવાનો નિર્ણય લીધો છે.

ક્વોલિફાયર-એકમાં વિજેતા બનનારી ટીમને અમદાવાદમાં રમાનારી ફાઈનલ મેચમાં સીધો જ પ્રવેશ મળશે.

છેલ્લાં અહેવાલ મળ્યા ત્યારે પંજાબ કિંગ્સ....4.4...........ઓવરમાં.......3.........વિકેટ ગુમાવીને....37..........રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

# EC – TRAINING

ચૂંટણી પંચે આજે નવી દિલ્હીમાં ચાર રાજ્યોના ૩૭૩ ચૂંટણી અધિકારીઓની તાલીમની આઠમી બેચ શરૂ કરી. તાલીમાર્થીઓને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે તાલીમ દ્વારા, અંતિમ મતદાર યાદીના સંદર્ભમાં પ્રથમ અને બીજી અપીલ સંબંધિત જોગવાઈઓથી પરિચિત થશે. આ તાલીમ તાલીમાર્થીઓને વ્યવહારુ સમજણ વધારવા માટે બનાવવામાં આવી છે. તેમાં મતદાર નોંધણી અને ચૂંટણી પ્રક્રિયાઓના ક્ષેત્ર-સ્તરીય અમલીકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# RBI – ECONOMIC REPORT

ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં ભારત સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર રહેવાનો અંદાજ વ્યકત કર્યો છે. આજે જાહેર કરાયેલા બેંકના વાર્ષિક અહેવાલમાં સ્થાનિક વપરાશમાં વધારો, મજબૂત બેંક અને કોર્પોરેટ બેલેન્સ શીટ અને સતત જાહેર મૂડી ખર્ચ દ્વારા વૃદ્ધિને વેગ મળવાની અપેક્ષા છે. સારા ચોમાસા અને સુધારેલી પુરવઠા શૃંખલાઓને કારણે ફુગાવો ઓછો થવાની અપેક્ષા છે. દેશની નિકાસ વૈશ્વિક પડકારોનો સામનો કરી શકે છે, પરંતુ વેપાર સોદા જોખમોને સરભર કરી શકે છે. ઉત્પાદન અને બાંધકામના વિસ્તરણથી નોકરીઓ અને માંગમાં વધારો થશે.

. . . . . . . . . . . . . . . .

# CII – VAISHNAV

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે આગામી થોડા વર્ષોમાં ભારત પ્રત્યે વિશ્વનો દૃષ્ટિકોણ અને વિશ્વમાં ભારતની ભૂમિકામાં નોંધપાત્ર ફેરફાર થવાનો છે.

આજે નવી દિલ્હીમાં સીઆઈઆઈના શિખર સંમેલનનાં ખાસ સત્રને સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું કે ભારત ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રમાં ઉંચી ઉડાન ભરવા માટે તૈયાર છે. છેલ્લા ૧૦ વર્ષમાં ટેલિકોમ, સંરક્ષણ અને તબીબી ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રોમાં અનેકગણો વિકાસ થયો છે.

. . . . . . . . . . . . . . . .